**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૮ ટકા

# શાકભાજીના ભાવો ફરી આસમાને

## મોંઘી શાકભાજીથી ગૃહિણીઓના બજેટ ખોરવાયા : શાકભાજીના ઉંચા ભાવોથી ગૃહિણીઓ પરેશાન

ગાંધીનગર, તા.૮
ગાંધીનગરમાં ફરી શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા છે. શાકભાજીના ઉંચા ભાવથી ગૃહિણીઓના બજેટ ખોરવાયા છે. થાળીમાંથી શાક ગાયબ થઈ રહ્યાં છે.

કોરોનાકાળ દરમિયાન વધેલી મોંઘવારીએ ગૃહિણીઓના બજેટ વધારી દીધા છે. લોકડાઉન અને અન્ય પ્રતિંબધોના કારણે ધંધા રોજગાર પર વિપરીત અસર પડી છે. કેટલાક પરિવારોમાં તો ગુજરાન માંડ ચાલે તેવી પરિસ્થિતિ છે. આવા સમયે જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓના વધી રહેલા





ભાવોએ સૌની ચિંતા વધારી છે. ખાદ્યતેલના ભાવ આસમાને પહોંચ્યા છે. છેલ્લા દોઢ વર્ષમાં જ તેલના ભાવોમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. તેવી જ રીતે પેટ્રોલ-ડીઝલના ભાવો પણ સતત વધ્યા છે. ઈંધણના વધી રહેલા ભાવોની અને માલની અછતની સીધી અસર શાકભાજીના ભાવો પર પડી છે.

એકાદ-બે શાકને બાદ કરતા તમામ શાકના ભાવો વધ્યાં છે. માત્ર ડુંગળી-બટાકાના ભાવો સ્થિર રહ્યા છે. હજુ તો ચોમાસુ શરૂ થયું નથી ત્યાં તો શાકભાજીના ભાવ વધી ગયા છે. ટામેટા, દૂધી,રીંગણ, ગલકા, ટીંડોરા, ગવાર, ચોળી જેવા શાકભાજીના ભાવો ૬૦ થી ૮૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. એક સમયે શાકભાજીની સાથે ફ્રીમાં અપાતા કોથમીર-મરચાંના ભાવો પણ ૬૦ થી ૮૦ રૂપિયા સુધી પહોંચી ગયા છે. લીલા શાકભાજી તો બજારમાંથી જાણે ગાયબ જ થઈ ગયા છે. આવશ્યક ગણાય તેવા લીંબુના ભાવો પણ ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો સુધી પહોંચી ગયા છે. છેલ્લા ઘણા દિવસોથી શાકભાજીના ભાવો ઉંચા જ રહ્યા છે. ક્યારે શાકના ભાવો ઓછા થશે અને ક્યારે થાળીમાં જુદા જુદા પ્રકારના શાકભાજી ખાવા મળશે તેની રાહ સ્વાદના શોખીનો જોઈ રહ્યાં છે. હમણાં તો કેરીના રસનો સ્વાદ માણી સ્વાદના શોખીનો સંતોષ માણી રહ્યા છે. શાકભાજીના ભાવો રીટેલમાં વધુ ઉંચા જોવા મળી રહ્યાં છે. હોલસેલમાં ભાવો નીચા છે જેના કારણે આખરે તો ખેડૂતો અને ગૃહિણીઓને જ નુકશાન થઈ રહ્યું છે. વચેટિયાઓ જ લાભ લઈ રહ્યા છે.

**જન્મદિને વધામણી**




દ્વિતી વિપુલ ચૌહાણ



શ્રદ્ધા હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૧ ૫૩૬૮૯



રમ્ય અલ્પેશ પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬



અનીતા જયેશ પટેલ



ધ્રુવીલ મહેશ ભટ્ટ



કોકિલબેન સુમંતભાઈ શાહ
મો. ૯૫૧૦૯ ૯૪૮૨૭

# સોશિયલ એકટીવીટી ગ્રુપનો શહેરમાં એક હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ





ગાંધીનગર, તા.૮
ગાંધીનગર સોશિયલ એકટીવીટી ગ્રુપ દ્વારા નજીકના દિવસોમાં શહેરમાં એક હજાર વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત તા.૫મી જુન વિશ્વ પર્યાવરણના દિવસે સેક્ટર ૨૪-૧ની સરકારી પ્રાથમિક શાળામાં ૬૦ અને તા.૭મી જુને સેક્ટર-૮માં ગાંધીનગર સ્પોર્ટ્સ એકેડેમી સેક્ટર ખાતે ૫૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે જેમાં બોરસલી અને લીમડાના વૃક્ષોનો સમાવેશ થાય છે. આ તમામ છોડને બે વર્ષ સુધી સંસ્થાએ ઉછેરવાની જવાબદારી સ્વિકારી છે.

સે.૨૪માં વૃક્ષારોપણ માટે ૧૮૧ અભયમ્ હેલ્પલાઈનના લાયઝન ઓફિસર પ્રવીણ વાલેરા, પ્રાથમિક શિક્ષણ વિભાગના વહીવટી અધિકારી ડૉ. કિરણબેન પટેલ, સેક્ટર -૨૪/૧ પ્રાથમિક શાળાના આચાર્ય વિપુલભાઈ બ્રહ્મભટ્ટ અને ભાજપ શહેર ઉપપ્રમુખ ઉરેનભાઈ પટેલ હાજર રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓને વૃક્ષોનું મહત્વ સમજાવી વૃક્ષોની કાળજી રાખવા માટે ગ્રુપ પાડી દર મહિને જે ગ્રુપ સારી કાળજી રાખશે એવા ૩ ગ્રુપને ઈનામ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. સે.૮માં વૃક્ષારોપણ સમયે વાયુદળના વિન્ગ કમાન્ડર તાપસ રંજન સાહુ પણ સ્વયંસેવક તરીકે જોડાયા હતા. આગામી દિવસોમાં સેક્ટર ૨૬ ગ્રીન સિટીમાં આવેલ હનુમાન મંદિર પાસે વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું છે.

# કોરોનામાંથી બોધપાઠ લો, પાટનગરનું નવેસરથી આયોજન કરો

## દરેક સેક્ટરમાં વિશાળ માર્કેટ, સેક્ટરોના દવાખાનાઓ અપગ્રેડ કરવા અને શહેરમાં વિકસેલ ગેરકાયદેસર દબાણો દૂર કરવા જાગૃત નાગરિક પરિષદની ભલામણ

ગાંધીનગર, તા.૮
ગાંધીનગરની સ્થાપના સમયે જે રીતે તજજ્ઞોની સમિતિ રચવામાં આવી હતી તેવી સમિતિમાં પ્રબુદ્ધ નાગરિકોનો પણ સમાવેશ કરી જુના ગાંધીનગરમાં સેક્ટરોની રચનાની ડિઝાઈન જાળવી રાખીને સુવિધાઓ વધારવાની ભલામણ કરતા પરિષદે નવા વિકસી રહેલો વિસ્તાર પણ તજજ્ઞ સમિતિના કાર્યક્ષેત્રમાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવ્યું છે. આપત્તિને અવસરમાં પલટાવવાની નીતિ અપનાવતા શહેરમાં ૬૦ વર્ષ જૂના શોપિંગ સેન્ટરોને બદલે નવેસરથી સોશિયલ ડીસ્ટન્સનું પાલન સાથે નાગરિકો છૂટથી હરીફરી શકે તેવાં વિશાળ અદ્યતન શોપિંગ સેન્ટર જેમાં ૫૦થી વધુ દુકાનો હોય જેથી રોજગારમાં પણ વધારો થાય અને વૃક્ષોની છાયા સાથેના વિશાળ પાર્કિંગ ઉપરાંત શાકમાર્કેટ વિકસાવવાથી રહેઠાણની નજીકમાં રોજીંદી જરુરિયાતની શાકભાજી ઉપલબ્ધ થાય તે ઈચ્છનીય છે તેમજ નજીકમાં બગીચાનો પણ સમાવેશ કરવામાં આવે ઉપરાંત જૂનાં સરકારી ક્વાટર્સને દૂર કરીને શાકભાજી-ફળોની રેકડીઓને અને પાથરણાંવાળાને જગ્યાઓ આપવામાં આવે તેવું પરિષદે સૂચન કર્યુ છે. આ સાથે વાયરસ સંક્રમણ સામે સુરક્ષિત સારવારની સુવિધા ઊભી કરવા માટે સેક્ટરોના દવાખાને પુનર્જીવિત કરી તેને અદ્યતન બનાવવામાં આવે જેમાં ૫૦ બેડ સાથેની સુવિધા આપવામાં આવે. જેથી નાગરિકોને ઘર આંગણે જ આરોગ્યની સુવિધા આપી શકાય, અર્બન હેલ્થ સેન્ટરોને પણ અપગ્રેડ કરવામાં આવે, નવા શહેરી વિસ્તારોમાં પણ અર્બન હેલ્થ સેન્ટરોનું આયોજન કરવામાં આવે, આરોગ્ય કર્મચારીઓ તેમજ ટેકનિશીયનોની ખાલી જગ્યાઓ ઝડપથી ભરવામાં આવે, ગેરકાયદેસર દબાણો હટાવાય, વોર્ડની સફાઈ માટે તેના નગરસેવકોની જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવે, જાહેર શૌચાલયોની સંખ્યા નિયમિત સફાઈ સાથે વધારાય તેવા પણ સૂચનો કરવામાં આવ્યાં છે.

જ્યોતીન્દ્ર દવેના અધ્યક્ષસ્થાને મળેલી ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની વર્ચ્યુઅલ બેઠકમાં સર્વશ્રી અરૂણભાઈ બૂચ, એચ.બી. વરિયા, જે.જી.વ્હોરા, વાગ્મિનભાઈ બૂચ, જયપ્રકાશ શાહ, ભાનુપ્રસાદ પુરાણી, બી.પી.પરમાર, પ્રો.રવીન્દ્રભાઈ દવે, સુમંતભાઈ શાહ, પ્રકાશભાઈ લાલા, હસમુખભાઈ ઠાકર, એન.પી.ગજ્જર, હેમંતભાઈ સુથાર, એસ ડી આર મલિક, મૂળજીભાઈ પરમાર, ડો.ચેતનાબહેન બૂચ, સી.એલ. મહેતા, દશરથભાઈ પરમાર, રાજેન્દ્ર પારેખ, લક્ષ્મણસિંહ રાજપુત, હસમુખભાઈ શાહ, કુસુમબહેન જોષી, શકુંતલાબહેન ગોર વગરેએ હાજરી આપી હતી અને મહત્વનાં સૂચનો કર્યાં હતા.

# એસ. વી. પ્રી-સ્કૂલમાં બાળકોનો ઓનલાઇન શાળા પ્રવેશોત્સવ

ગાંધીનગર, તા.૮
તા-૭જૂન-૨૦૨૧થી શરૂ થયેલા નવા શૈક્ષણિક સત્રની શરૂઆત સાથે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રી-સ્કૂલમાં પણ ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું. દર વર્ષે શાળાના પ્રથમ દિવસે શાળાની પ્રણાલી મુજબ બાળકોનું કુમકુમ તિલક કરી, આરતી ઉતારી શાળા પરિવાર દ્વારા સ્વાગત કરવામાં આવે છે, પરંતુ આ વર્ષે હાલ ઓનલાઈન શિક્ષણ હોવાથી શાળા મેનેજમેન્ટની વિનંતીને માન આપી, શાળા પરિવાર વતી તમામ બાળકોને તેમની




માતાઓએ કુમકુમ તિલક કરી, ચોકલેટથી મોઢું મીઠું કરાવી તેમનું સ્વાગત કર્યુ હતું. સ્કૂલના પ્રિન્સિપાલ તથા શિક્ષિકાઓએ પણ બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા. નર્સરી અને જૂનિયર કે.જી.ના બાળકોએ ઉત્સાહભેર આ ઓનલાઈન પ્રવેશોત્સવને માણ્યો હતો, જ્યારે સીનિયર કે.જી. ના બાળકો પોતાની સ્કૂલના શિક્ષિકાઓને એક માસ પછી ફરીથી મળીને આનંદિત થઈ ગયા હતા. વાલીઓએ પણ સ્કૂલ મેનેજમેન્ટના આ નવતર પ્રયોગને બિરદાવી, એસ. વી. પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# ૧૦૨ વર્ષીય વડીલે વેકિસનેશન કરાવી ગ્રામજનોને પ્રેરિત કર્યા

ગાંધીનગર, તા.૭૮
ગાંધીનગર જિલ્લાના કોબા ખાતે 'સેવા હી સંગઠન'ના ઉપક્રમે થેલેસેમિયા દર્દીઓના લાભાર્થે 'બ્લડ ડોનેશન કેમ્પ'માં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા અને પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ પ્રશાંતભાઈ કોરાટની અતિથિ વિશેષ ઉપસ્થિતિમાં તેમજ ગાંધીનગર દક્ષિણના કર્મઠ ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ, પ્રભારી મોહનભાઈ પટેલ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, ગૌરાંગભાઈ વાઘેલા તથા વોર્ડ નં.૧૦ના પ્રમુખ મનીષભાઈ પટેલ અને ઉમેદવારશ્રીઓ તેજલબેન નાયી, ભૂપતસિંહ ગોહિલ, મીરાબેન પટેલ, મહેન્દ્રભાઈ દાસ, ભાજપના અગ્રણી આગેવાનો-પદાધિકારીઓ આ સુંદર



કાર્યક્રમમાં ઉપસ્થિત રહી આ માનવીય સેવાકીય કાર્યમાં સૌ રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો.

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ વિશ્વના સૌથી મોટા 'રસીકરણ અભિયાન' અંતર્ગત વેકસીન કેમ્પમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની વિશેષ ઉપસ્થિતિમાં કોબા ગામના ૧૦૨ વર્ષીય વડીલ ફતુબેન હેમંતભાઈ મન્સૂરીએ સ્વદેશી રસી લઈ અન્ય સૌ ગ્રામજનોને પ્રોત્સાહિત કર્યા. કોરોના વાયરસથી બચવા રસી અમોઘ શસ્ત્ર છે. આ ભારતીય રસી સંપૂર્ણ સુરક્ષિત છે અને તેની કોઈ આડઅસર થતી નથી ત્યારે સૌ નાગરિકોને નમ્ર અરજ છે કે સ્વદેશી કોરોના રસી સ્વૈચ્છિક લઈ ગુજરાત અને ભારતને કોરોના મુક્ત બનાવવામાં સહયોગ આપે.

# ગાંધીનગર જિલ્લાના ધો-૮, ૧૦ અને ૧૨ પાસ માટે ભારતીય સેનામાં ભરતી

ગાંધીનગર, તા.૮
ઈન્ડિયન આર્મીમાં સોલ્જર જનરલ ડ્યુટી, ક્લાર્ક, ટ્રેડસમેન, ટેક્નીકલ અને સોલ્જર નર્સિંગમાં જોડાવવા માટેની રિક્રુટમેન્ટ રેલી તા.૦૫/૦૮/૨૦૨૧ થી ૨૨/૦૮/૨૦૨૧ દરમ્યાન કનેલાવ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગોધરા, જી-પંચમહાલ ખાતે યોજાનાર છે.

આ ભરતીમાં અરજી કરવા સબંધિત શૈક્ષણિક લાયકાત, વયમર્યાદામાં છૂટછાટ, પરીક્ષા પદ્ધતિની વિગતો, ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ, પરીક્ષા ફી વગેરે અંગેની સૂચનાઓ http://joinindianarmy.nic.in વેબસાઈટ પરથી મેળવી શકાશે.

અરજી કરવાનો સમયગાળો તા.૦૬/૦૬/૨૦૨૧ થી ૨૦/૦૭/૨૦૨૧ જાહેરાતમાં દર્શાવ્યા પ્રમાણે રહેશે. અગત્યની સૂચનાઓ વિગેરેની માહિતી માટે આર્મી રિક્રુટમેન્ટ ઓફીસ, અમદાવાદ, આર્મી રિક્રુટમેન્ટ હેલ્પ લાઈન નંબર - ૦૭૯-૨૨૮૬૧૩૩૮, ૯૯૯૮૫૫૩૯૨૪ છે.

રોજગાર અધિકારીએ વધુમાં જણાવ્યું છે કે, આવતીકાલે તા. ૦૯/૦૬/૨૦૨૧ ના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી ટેક મહિન્દ્રા લી.ઈન્ફોસિટી, ગાંધીનગર ખાતે રોજગાર ભરતીમેળો યોજાનાર છે. તો ધો.૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ ઉમેદવારોને ભાગ લેવા જણાવવામાં આવ્યું છે.

વધુ માહિતી માટે હેલ્પ લાઈન – ૬૩૫૭૩૯૦૩૯૦ નંબર પર ફોન કરી આર્મી ભરતી અને ટેક મહિન્દ્રા ખાતેના ભરતીમેળા વિષે માહિતી મેળવી શકાશે તથા જીલ્લા રોજગાર કચેરી, સી વિંગ, પ્રથમ માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગરની મુલાકાત પણ લઈ શકો છો તેવું રોજગાર અધિકારી, ગાંધીનગરે જણાવ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. ખમાર રોહિત જયંતિલાલ, ઉ.વ. ૬૭, પેથાપુર
- સ્વ. વાઘેલા રણવીરસિંહ દિલીપસિંહ, ઉ.વ. ૪૨, સેકટર-૨૭
- સ્વ. સુથાર જશીબેન નારણભાઈ, ઉ.વ. ૪૮, બાલવા-કલોલ
- સ્વ. પરમાર પુરીબેન ધનજીભાઈ, ઉ.વ. ૭૯, સેકટર-૫

# સરગાસણથી રિલાયન્સ સર્કલ વચ્ચેની રેલીંગ તોડી રસ્તા થયા

## રૂદ્રભૂમિ સ્મશાન સામે રેલીંગ તોડી કરેલો ગેરકાયદેસર માર્ગ આફત નોતરશે : હરિયાળીને પણ નુકશાન





ગાંધીનગર, તા. ૮
ગાંધીનગરના પ્રવેશમાર્ગે સરગાસણ ચોકડીથી રક્ષાશક્તિ સર્કલ વચ્ચેના ચાર માર્ગીય રસ્તા વચ્ચે આકર્ષક હરીયાળી બે રેલીંગો વચ્ચે દશ્યમાન થાય છે. પરંતુ આ માર્ગ ઉપરની કેટલીક રેલીંગો તોડીને રસ્તા કરી દેવાયા છે જેથી સતત વાહનોની આવન-જાવનથી ધમધમતા આ માર્ગ ઉપર અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. સળંગ રેલીંગોને તોડી તેમાંથી શોર્ટકટ બનાવવાની આ ગેરકાયદેસર પ્રવૃતિને તંત્ર નજર અંદાજ કરી રહ્યું છે જેમાં આ માર્ગ ઉપર નિર્માણ થઈ રહેલી બિલ્ડીંગો માટે આવતા મટીરીયલન્સના ભારવાહક વાહનોને સરળતા રહે તે પ્રથમ દષ્ટિએ લોકોને લાગી રહ્યુ છે.

ગાંધીનગરના છેડે સરગાસણ ચોકડી વિસ્તાર ખુબ જ વિકસીત બની લોકોમાં ખુબજ પ્રિય બન્યો છે અને આ સરગાસણ ચોકડીથી રિલાયન્સ સર્કલ વચ્ચે આવનજાવન ચાર રસ્તા વચ્ચે ખુબજ સુંદર રેલીંગ ઉભી કરી વચ્ચે વૃક્ષોનું વાવેતર થયેલુ છે જેથી અહીંનું વાતાવરણ આકર્ષક ભાસી રહ્યુ છે. પરંતુ કેટલાક તત્વો દ્વારા શોર્ટકટ કરવા આ રેલીંગને તોડી નખાઈ છે અને હાલ રૂદ્રભૂમિ સ્મશાનની સામે મસમોટો માર્ગ ઉભો કરી દેવાયો છે. આ ગેરકાયદેસર માર્ગ થકી કેટલાક ભારવાહક વાહનો શોર્ટકટ અપનાવતા અહીંથી નિયમિત પસાર થતા વાહનચાલકો હેરાનપરેશાન થઈ ઉઠ્યા છે.

ઘણા લાંબા સમયથી આ પ્રવૃત્તિ થયેલી હોવા છતાં તંત્ર નજર અંદાજ કરી રહ્યું છે. વધુમાં રીલાયન્સ સર્કલથી સરગાસણ ચોકડી વચ્ચે ઘણી જગ્યાએ રેલીંગ ઉખાડી નંખાઈ છે તે રેલીંગના ભાગ પણ અદશ્ય થઈ ગયા છે.

બે રેલીંગ વચ્ચે વાવેતર થયેલા વૃક્ષોથી હરીયાળી ઉભી થઈ છે પરંતુ આ રેલીંગો તોડી રસ્તા કરવાની ગેરકાયદેસર પ્રવૃતિથી હરીયાળી પણ કદરૂપી બની રહી છે અને રખડતા ઢોર રેલીંગના અભાવે માર્ગો ઉપરથી લીલોતરી ચરવા દોડાદોડી કરતા હોવાથી અકસ્માતનો ભય ઉભો થયો છે. તંત્ર સીસીટીવી કેમેરાની મદદ લઈ આવા તત્વોને જબ્બો કરે અને તોડેલી રેલીંગોનું સમારકામ કરી કરેલા રસ્તા બંધ કરાવે તેવી માંગ વાહનચાલકોમાં ઉઠવા પામી છે.